# નાગરિકતા કાનૂન સામે અમદાવાદમાં હિંસક દેખાવો

## શાહઆલમ, લાલદરવાજા, રખિયાલ સહિતના ભાગોમાં તોફાનો : હિંસાગ્રસ્ત વિસ્તારોમાં પરિસ્થિતિને કાબૂમાં લેવા પોલીસે ટીયરગેસના સેલ છોડવાની ફરજ : એક એસીપી સહિત ૨૦થી વધુ પોલીસ કર્મચારી ઈજાગ્રસ્ત




સીએએ (સીટીઝનશીપ એમેન્ડમેન્ટ એક્ટ)ના વિરોધમાં ૩ મુફતી, ૪ મૌલાના સહિત ૧૫ મુસ્લિમ આગેવાનોના નામે આપવામાં આવેલા બંધને ગુજરાતમાં મહદ્અંશે નિષ્ફળતા મળી હતી. અમદાવાદ સહિત રાજયના કેટલાક મુસ્લિમ વિસ્તારોમાં જ બંધની અસર જોવા મળી હતી પરંતુ અમદાવાદમાં બંધના એલાનને લઈ અને સીએએના વિરોધ દરમ્યાન અચાનક હિંસા ભડકી હતી ખાસ કરીને શહેરના મુસ્લિમ વિસ્તારો શાહઆલમ, રખિયાલ, લાલદરવાજા, મીરઝાપુર સહિતના વિસ્તારોમાં મુસ્લિમ સમુદાયના લોકોએ જાહેરમાં ખુલ્લેઆમ જોરદાર પથ્થરમારો કર્યો હતો અને પોલીસની ગાડીઓના કાચ તોડી એક તબક્કે પોલીસ પર પણ હુમલો કરવામાં આવ્યો હતો. તોફાની તત્વોના પથ્થરમારામાં એક એસીપી, ડીસીપી સહિત ૨૦થી વધુ પોલીસ કર્મચારીઓ ઘવાયા હતા. પોલીસને પરિસ્થિતિ થાળે પાડવા અને પથ્થરમારો કરતાં તોફાની તત્વોને વિખેરવા માટે ટીયરગેસના શેલ છોડવાની પણ ફરજ પડી હતી. ગોધરાકાંડના તોફાનો બાદ ૧૭ વર્ષ પછી શહેરની શાંતિ ફરી એક વખત ડહોળાઈ હતી, જેને લઈ મોડી સાંજ સુધીમાં શહેરના કેટલાક વિસ્તારોમાં વાતાવરણ તંગ બની ગયુ હતું. લોકોમાં ડર અને ફફડાટની લાગણી ફેલાઈ ગઈ હતી. જો કે, પોલીસે તાત્કાલિક કડક હાથે કામ લઈ તોફાની તત્વોને કાબૂમાં લીધા હતા અને અનેક તોફાની તત્વોની અટકાયત પણ કરવામાં આવી હતી. હિંસાની ઘટનાઓ બાદ મોડી સાંજે શહેરમાં જમાલપુર, રખિયાલ, લાલદરવાજા, શાહઆલમ, જૂહાપુરા સહિતના વિસ્તારોમાં કેટલીક બસોના રૂટ રદ કરવાની ફરજ પડી હતી. સીએએના વિરોધમાં આજે અલ્પસાંખ્યક અધિકાર મંચ સહિતના મુસ્લિમ સંગઠનો અને સંસ્થાઓના આગેવાનો દ્વારા ગુજરાત બંધનું એલાન આપવાની સાથે સાથે એક રેલીનું આયોજન કરાયું હતું પરંતુ પોલીસે રેલીની મંજૂરી આપી ન હતી. જો કે, અમદાવાદ સહિત ગુજરાતભરમાં બંધના એલાનને બહુ સફળતા મળી ન હતી પરંતુ મુસ્લિમ વિસ્તારોમાં સીએએનો વિરોધ સ્પષ્ટ રીતે સામે આવ્યો હતો. ખાસ કરીને અમદાવાદમાં બપોર પછી પરિસ્થિતિ વણસી હતી. સરદારબાગ પાસે પ્રદર્શનકારીઓ અને પોલીસ વચ્ચે ઘર્ષણ થતાં પોલીસે ટોળાને વિખેરવા લાઠીચાર્જ કર્યો હતો. તો, મીરઝાપુરમાં ફૂટ પેટ્રોલીંગ કરી રહેલી પોલીસ પર લોકોએ મોઢે રૂમાલ બાંધી પથ્થરમારો કર્યો હતો. જેમાં બે લોકો ઘાયલ થયા હતા. જેને પગલે પોલીસે મીરઝાપુરથી શાહપુર સુધી ફ્લેગ માર્ચ કરી પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. બીજીબાજુ, આ હુમલાના ઘેરા પ્રત્યાઘાત રખિયાલ, શાહઆલમ સહિતના વિસ્તારોમાં જોવા મળ્યા હતા. સાંજે શાહઆલમ વિસ્તારોમાં તોફાની તત્વો પર ખુલ્લેઆમ જાહેરમાં રસ્તાઓ પર ઉતરી આવી પોલીસ પર જોરદાર પથ્થરમારો કર્યો હતો. તોફાની તત્વોએ પોલીસને પથ્થરમારો કરી સીધી નિશાન બનાવી હતી. મીરઝાપુરથી શાહપુર રંગીલા ચોકી, શાહપુર સ્કૂલ, ટોરેન્ટ પાવર, ગ્રામ્ય કોર્ટથી મીરઝાપુર સુધી ડીસીપીએ ૧૦૦ પોલીસકર્મીઓ સાથે ફૂટ પેટ્રોલીંગકર્યું હતું. જ્યારે લાલ દરવાજા પાસે એએમટીએસ બસના કાચ તોડ્યા હતા. રખિયાલમાં હજારોથીની સંખ્યામાં લોકો વિરોધ પ્રદર્શન રસ્તા પર ઉતર્યા હતા. જેને પગલે સ્થાનિક પોલીસ, એસઓજી અને ક્રાઈમ બ્રાન્ચની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી.પ્રદર્શનને પગલે અમ્યુકો દ્વારા અજિતમિલથી સારંગપુર એએમટીએસ રૂટ બંધ કરવામાં આવ્યો હતો અને બસ રદ કરાઈ હતી. પોલીસે લાઠીચાર્જ કરી, ટીયરગેસના શેલ છોડી પરિસ્થિતિ કાબૂમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. આ ઉપરાંત ભયનો માહોલ સર્જાતા લાલ દરવાજા વિસ્તારમાં આવેલા રિલિફ રોડ અને તેની આસપાસના વિસ્તારોની દુકાનો બંધ કરીને વેપારીઓ નાસી છૂટ્યા હતા.






**બંધને માત્ર મુસ્લિમ વિસ્તારમાં સમર્થન**

### ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં બંધ નિષ્ફળ

ગુજરાતમાં વાત કરીએ તો, મોટાભાગના વિસ્તારોમાં બંધનું એલાન નિષ્ફળ રહ્યું હતું. સૌરાષ્ટ્ર-કચ્છ ઉપરાંત, વડોદરા, રાજકોટ, સુરત, ભાવનગર, જામનગર, જૂનાગઢ સહિતના શહેરોમાં બંધની અસર બિલકુલ નહીવત્ રહી હતી, માત્ર મુસ્લિમ વિસ્તારો અને પંથકોમાં જ બંધની અસર જોવા મળી હતી. મોટાભાગે મુસ્લિમ સમુદાયના લોકો જ બંધમાં જોડાયા હતા અને બંધને સફળ બનાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તેમનો આ પ્રયાસ બિલકુલ નિષ્ફળ અને બિનઅસરકારક રહ્યો હતો. ઉલ્ટાનું મુસ્લિમ વિસ્તારોમાં પોલીસ પર પથ્થરમારો અને હિંસાની ઘટના સામે આવતાં તેના ઘેરા પ્રત્યાઘાત પડયા હતા અને અમદાવાદ સહિત રાજયના કેટલાક વિસ્તારોમાં શાંતિ ડહોળાઈ હતી, જેની ભારોભાર નિંદા લોકોમાં થતી જોવા મળી હતી. ગુજરાતની શાંતિપ્રિય જનતાએ તોફાનો અને હિંસા ફેલાવવાના આ કૃત્ય અને સમગ્ર ષડયંત્રની ભારોભાર નિંદા કરી. આ મામલે આકરા પગલા લેવા સરકારને અનુરોધ કર્યો હતો.

# અરવલ્લી ખેડૂતોએ છાજીયા લીધા

## જિલ્લામાં ૧૩ હજાર પાક વીમા સામે માત્ર ૩૫ ખેડૂતોને પાક વીમા વળતર ચુકવતા ખેડૂતોમાં રોષ



મોડાસા, તા. ૧૯
ચાલુ વર્ષે અરવલ્લી જિલ્લામાં ભારે વરસાદ વરસ્યો હતો જેના કારણે જિલ્લાના કેટલાય ખેડૂતોના પાક નષ્ટ થઈ ગયા હતા. અને વ્યાપક નુકશાન ખેડૂતોને ભોગવવાનો વારો આવ્યો હતો. કેટલાક ખેડૂતોને તો બિયારણ ખરીદયુ હતું તેટલા નાણાં પણ ખેત પેદાશમાંથી મળી શક્યા નથી. ત્યારે ધરતીના તાતને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

જિલ્લામાં પડેલા ભારે વરસાદને કારણે જિલ્લાના કેટલાય ખેડૂતોને ભારે નુકશાન થયું હતું. માલપુર તાલુકામાં કેટલાક ખેડૂતોએ તંત્ર સામે હોબાળો કર્યો હતો. મોંઘાદાટ બિયારણો અને દવાઓ વાપરીને ખેડૂતો રાત દિવસની જહેમત બાદ પાક તૈયાર કરતા હોય છે. પરંતુ કેટલીકવાર કુદરત પણ ખેડૂતો સાથે મજાક કરતો હોય તેમ કુદરતી આફતો આવી પડતી હોય છે.

બીજી બાજુ કેટલાય ખેડૂતોએ સરકારની પાક વીમા યોજના માટે અરજીઓ કરી છે પરંતુ અસંખ્ય ખેડૂતોને પાક વીમાની રકમ મળવાની બાકી છે. હાલના સંજોગોમાં એક તરફ રવિ સીઝનની વાવણી પણ શરૂ થઈ ગઈ છે પરંતુ પાક વીમાની રકમ ન મળતાં કેટલાય ખેડૂતો હજુ બિયારણ કે દવાઓ ખરીદી શક્યા નથી.

ત્યારે તંત્ર સામે ખેડૂતોએ બુધવારના રોજ હોબાળો કર્યો હોવાનું સામે આવ્યું હતું. જ્યારે પાક વીમો ચુકવવાનો તો શરૂ થઈ ગયો છે પરંતુ કરોડોની નુકશાની સામે માત્ર ૨.૨૫ લાખની જ સહાય હજુ સુધી ચુકવવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું.

**વીમા કંપનીએ પણ ખેડૂતો સાથે કરી ક્રૂર મજાક**

ખેતીમાં નુકશાની જાય તો ખેડૂતોને વીમા કવચ આપવાનું સરકારે નક્કિ કર્યું હતું. ત્યારે જિલ્લાના કેટલાય ખેડૂતોએ પાક વીમો લઈ લીધો હતો. પરંતુ વીમા કંપનીઓ જાણે ખેડૂતો સાથે મજાક કરતી હોય તેમ હજુ સુધી અસંખ્ય ખેડૂતોને પાક વીમો ચુકવ્યો નથી. જેના કારણે ધરતીપુત્રોમાં ભારે રોષ ફેલાયો છે. કેટલાક ખેડૂતોએ જણાવ્યું હતું કે અરવલ્લીમાં ૧૩ હજાર પાક વીમા માટે અરજીઓ કરવામાં આવી છે પરંતુ અત્યાર સુધી જિલ્લામાં માત્ર ૩૫ ખેડૂતોને જ પાક વીમાનું વળતર મળ્યું છે.

**માલપુર તાલુકામાં માત્ર ૨ ખેડૂતોને સહાય ચુકવાઈ**

અરવલ્લી જિલ્લામાં સેંકડો ખેડૂતોએ પાક વીમો લઈ પોતાનો પાક સુરક્ષીત કરી દીધો હતો. પાકમાં નુકશાની જાય તો પણ વીમો લેવાના કારણે વળતર મળી રહેશે તેવી આશાએ પાક વીમો તો લઈ લીધો હતો. પરંતુ હજુ સુધી માલપુર તાલુકામાં માત્ર બે ખેડૂતોને જ પાક વીમાની રકમ મળી હોવાનું જાણવા મળ્યું હતું.

**જીલ્લાના ખેડૂતોની ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી**

માલપુર તાલુકાના કેટલાક ખેડૂતોએ જણાવ્યું હતું કે તંત્ર દ્વારા જો ખેડૂતોને ન્યાય નહીં મળે તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે. મહામહેનતે રાત દિવસ જોયા વગર ખેડૂતો ખેતરોમાં મજૂરી કરી અને વીમા કંપનીઓ પણ ખેડૂતોને હેરાન કરે તે ખેડૂતોથી સાંખી નહીં લેવાય.

# જીપીસીબીએ ઘાતક ઓલિયમ કેમિકલ લઈ જતુ ટેન્કર ઝડપ્યુ

## ટેન્કર પકડવા સાથે ઈસ્ટોલાબાદ ગામેથી ખારી નદીમાં કેમિકલ છોડતી ફેક્ટરી ઝડપાઈ





ગાંધીનગર, તા. ૧૮
અમદાવાદના ગ્રામ્ય વિસ્તાર નારોલ, નરોડા, વટવા વગેરે જ્યાં જ્યાંથી ખારીકટ કેનાલ પસાર થાય છે તેમાં ખારી નદીમાંથી ભળતા કેમિકલયુક્ત દૂષિત પાણીની દોઢેક વર્ષથી ચાલી રહેલી સમસ્યાનું પગેરૂ છેક ચૌસર પાસેના ઈસ્ટોલાબાદ ગામે મળી આવ્યુ હતુ. ખેતરોમાં ઈરીગેશનમાં સતત આવતા આ કેમિકલયુક્ત એસિડવાળા પાણી અંગે સઘન તપાસના અંતે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ઓલિયમ નામના ઝેરી એસિડ સહિત એક ટેન્કર ઝડપી લેવામાં આવ્યુ. જેના પગલે ભૂગર્ભ પાઈપલાઈન નાંખીને ખારીનદીમાં કેમિકલ છોડતી ફેક્ટરી ઝડપાઈ છે જેને બંધ કરાવી તેનો વીજ પુરવઠો કાપવા સહિતની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

છેલ્લા દોઢેક વર્ષથી વારંવાર ખેતરોમાં દૂષિત પાણી આવી જતુ હોવાથી પાકને થતા નુકશાનની ફરિયાદોના સંદર્ભમાં જીપીસીબી દ્વારા, અમ્યુકો અને અમદાવાદ પોલીસને સાથે રાખી ઘણા સમય સુધી સઘન તપાસ કરતા ગત તા. ૧૩મી ડિસેમ્બરે રાત્રે ચૌસર બ્રીજ પરથી મધ્યપ્રદેશથી ઓલિયમ ભરેલુ ટેન્કર ઝડપી પાડવામાં આવ્યુ હતુ. ટેન્કર નં. જીજે-૦૧-ઈટી-૩૫૩૪ દ્વારા એમપીના ક્રિષ્ના ફોસ્કેમ લિ. કંપનીમાંથી આ ઓલિયમ એસીડ અમદાવાદની શિતલ કેમિકલ્સ દ્વારા ખરીદવામાં આવ્યું હતું પરંતુ તેની ડિલીવરી ઈસ્ટોલાબાદ ખાતેની સુરજમણી કોર્પોરેશનની ફેક્ટરી જે ખારી નદીના કાંઠે આવેલી હતી તેમાં કરાતી હતી. આ કંપની દ્વારા કોઈપણ મંજૂરી વગર સલ્ફો ટોબિયાસ એસિડનું ઉત્પાદન કરવામાં આવી રહ્યુ હતુ અને ફેક્ટરીમાંથી એસિડયુક્ત ગંદા પાણીને અન્ડર ગ્રાઉન્ડ પાઈપલાઈન દ્વારા સીધુ ખારી નદીમાં છોડી દેવામાં આવતુ હતુ. જીપીસીબીની લાંબા સમયની વૉચ પછી ઝડપાયેલા ટેન્કરને પગલે આ કૌભાંડનો પર્દાફાશ થયો હતો અને પાઈપલાઈને ઉખેડી નાંખવા સાથે સૂરજમણી કોર્પોરેશનને બંધ કરવાની તજવીજ સાથે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

### ટહૂકાર ● ચોથા પાનાનું ચાલુ

દિવાની... હો તેરી દિવાની...' અને 'હીરે મૌતી,મૈં ના માંગુસ, મૈં તો ચાહું સંગમ તેરા... તું જો છું લે પ્યાર સે... આરામ સે મર જાઉં... સૈંયા... તુ હૈ મેરા.. સૈંયા...'

લઈને આવ્યા ઉભરતા પણ જેનું ભાવિ સંગીતક્ષેત્રે ઉજ્જવળ છે એવા મંજાયેલા કલાકાર ભાઈ અર્ચિત પાટડિયા... મૂળ કૈલાસ ખેરની બે ફિલ્મી સૂફી રચનાઓને એ જ 'રેઈન્જ, મિજાજ ને ટેમ્પો' સાથે અદલ રજૂ કરી અર્ચિત પાટડિયાએ પ્રેક્ષકોનાં દિલ જીતી લીધાં હતા...

'આપણું મળવું ગઝલ કહેવાય છે' કાર્યક્રમમાં થોડો જુદો રસ પીરસવા, વૈવિધ્ય ને હળવાશ માટે કવ્વાલીને પણ પસંદ કરાઈ હતી... સ્ટેજ પર અંધકાર છવાયો... સંચાલકની ઉદ્‌ઘોષણા ચાલુ હતી... ને પ્રકાશ પથરાયો ત્યારે મંચ ઉપર સૌ સાજિંદાઓ, ગાયકો ને સંચાલકશ્રી પણ બંડી-માથે ટોપીના પરિવેશમાં સજ્જ - કવ્વાલીનો માહોલ બનાવવા માટે જ સ્તો... ને નમ્રતા કાંટાવાળાએ ફિલ્મ 'દિલ હી તો હૈ' ની કવ્વાલી 'નિગાહેં મિલાને કો જી ચાહતા હૈ, દિલોજાન લૂતાને કો જી ચાહતા હૈ' તાલીઓના તાલે ઉપાડી ગાયિકાએ ને વાદ્યકારોએ વાતાવરણ કવ્વાલીમય બનાવી દીધું ને બધાં પોકારી ઊઠ્યા : 'વન્સમોર' પછી અર્ચિત પાટડિયાની પ્રસ્તુતિ... નૂસરત ફતેહ અલીખાનની કવ્વાલી... 'આફરીન... આફરીન... તુજસે જાના કી તારીફ મુશ્કિલ નહીં...' પણ જોરદાર હતી...

પુનઃ ગઝલોની દુનિયામાં પ્રવેશતા જ કલ્યાણી કોઠાળકર, દિવ્યાંગ અંજારિયા લઈને આવ્યા બેફામ, મરીઝની ગઝલોની મેલડીઝ... જેને રઈશ મણિયારે 'મનહર મેડલે' નામ આપ્યું તે મનહર ઉધાસે ગાયેલી 'દિવસો જુદાઈના જાય છે...' (કલ્યાણી), 'નયનને બંધ રાખીને મેં તમને જોયા છે.' (નયન પંચોલી) તથા 'શાંત ઝરૂખે બેઠેલી એક રૂપની રાણી જોઈ હતી' અને 'કહું છું જવાનીને પાછી વળી જા...' (દિવ્યાંગ) પાસેથી સાંભળવા મળી ને સૌના દિલ ઝૂમી ઊઠ્યા....

રઈશભાઈનાં ચબરાકિયા (મસ્ત કોમેન્ટ્સ) જેવા કે 'સુફીની વ્યાખ્યા શું ?' પ્રશ્નના જવાબમાં કહ્યું, 'વ્યાખ્યા કર્યા વિના પીરસાય તે ચાખ્યા કરને ભાઈ' ને પછી 'શિલાની જવાની સાંભળી ગંદા થઈ ગયેલા કાનને સાફ કરતું સંગીતને સૂફી' અથવા તો 'આજનો પ્રેમ' એટલે પહેલાં વીંટીયુ, પછી ચિંટ્યુ ને છેવટે 'ઈસ્યુ' અને 'મેડલી'નું ગુજરાતી ગઝળો કે ગીતોનું મહાગઠબંધન' વગેરે સાથે બે પ્રસ્તુતિ વચ્ચે માપસરની, માહિતીસભર ને મજા પડી જાય (જાણે સાંભળ્યા જ કરીએ... પણ સંચાલકશ્રીને પાક્કી ખબર હતી કે કયાં કેટલું બોલવું ને કયાં અટકવું જેથી મૂળ કાર્યક્રમમાં રસ ક્ષતિ ન થાય...) એવી રસપૂર્તિ કરતી વાતો સાથે આગળ વધતા કાર્યક્રમમાં 'ભૂલે ચૂકે મળે તો મુલાકાત માંગશું, શણગારવા સમયને એક રાત માંગશું', 'ખુશબુમાં ખીલેલાં ફૂલ હતા...' (કલ્યાણીકોઠાળકર) ઉપરાંત દિવ્યાંગ - કલ્યાણી અને સલીલ મહેતા પ્રસ્તુત ટાઈટલ ગઝલ 'આપણું મળવું ગઝલ કહેવાય છે.' ઉપરાંત કલ્યાણીએ ગાયેલી જગજીતસિંહની ગઝળોની મેડલે અર્ચિત પાટડિયા પ્રસ્તુત, અને ૧૦૦૦ વર્ષ પહેલા અમીર ખુશરો રચિત સૂફી રચના 'છાપ તિલક સબ છીન મોસે નૈંના મિલાય કે...' અને 'દમાદમ મસ્ત કલંદર' એ અંત તરફ જઈ રહેલા કાર્યક્રમમાં ગરમાવો લાવી દીધો...

ને સમાપનની કલ્યાણીબેને ગાયેલી બે ગઝલો 'લંબી જુદાઈ તથા પાકિસ્તાની ગાયિકા ફરિદા બાનુએ અમર કરેલી રચના' 'આજ જાને કી જીદ ના કરો' (રાગ ચમન) એ ગઝલના કાર્યક્રમની પ્રભાવક અસરને ઘૂંટીને ઘેરી બનાવી દીધી... ચુનંદી ગઝલોનો, શ્રી મયૂર દવેના આલ્હાદક સંગીત સંચાલનનાં ચુનંદા ગાયકોએ તેમની ગાયિકીથી સાક્ષાતકાર કરાવ્યો... એમાં પણ તબલાં પર ભાઈ મનિષી અને ફ્લ્યુટ પર શ્રેયસ દવેએ કમાલ કરી હતી... સૂરીલી સરગમ - સલીલ મહેતાના ભવ્ય સેટ ને નયનરમ્ય - વાતાવરણગમ્ય લાઈટીંગ અને અફકોર્સ કવિ રઈશ મણિયારના કુશળ સંચાલન સાથેની 'આપણું મળવું ગઝલ કહેવાય છે ' ની પરિકલ્પના સાચે જ રંગ લાવી અને સમગ્ર કાર્યક્રમ સાચા અર્થમાં 'મનભાવન' બની રહ્યો... વાગ્મિન બૂચ તથા ટીમ 'શિવરંજની' ને આવા સરસ - યાદગાર કાર્યક્રમના આયોજન માટે અભિનંદન... જે કાર્યક્રમમાં આવ્યા તેમને અદ્‌ભૂત અવસર માણ્યો.. જે ન આવ્યા તેમણે અચ્છો કાર્યક્રમ ગુમાવ્યો એવું લાગે છે...

### તપાસનો ધમધમાટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પોલીસે સમગ્ર પ્રકરણમાં ખાસ કરીને પોલીસ પર હુમલાના બનાવોને લઈ જરૂરી ફરિયાદ અને કાયદાનુસાર કાર્યવાહી હાથ ધરવાની તજવીજ પણ હાથ ધરી છે. અમદાવાદ શહેરના ઈતિહાસમાં સૌપ્રથમવાર કાશ્મીર સ્ટાઈલથી મોંઢે રૂમાલ બાંધી પોલીસને ટાર્ગેટ બનાવી જોરદાર રીતે પથ્થરમારો કર્યો હતો. એટલું જ નહી, પોલીસને ઘેરી ઘેરીને જોરદાર હિંસક હુમલાનો ભોગ બનાવી લોહીલુહાણ કરાઈ હતી, જેના કારણે માત્ર સામાન્ય પ્રજામાં જ નહી પરંતુ સમગ્ર પોલીસ તંત્રમાં ભારોભાર આક્રોશ પ્રવર્તી રહ્યો છે. મુસ્લિમ વિસ્તારોમાં માત્ર પોલીસ જ નહી પરંતુ મીડિયા કર્મીઓને પણ તોફાની તત્વોએ ટાર્ગેટ કરી હુમલાનો ભોગ બનાવાયા હતા. જેમાં કેટલાક મીડિયા કર્મચારીઓને ગંભીર ઈજા પહોંચી હતી. જે પછી પોલીસ તંત્ર એકદમ આકરા પાણીએ અને કડકાઈથી એકશનમાં આવ્યું હતું.

શાહઆલમ, ચંડોળા સહિતના વિસ્તારોમાં પોલીસે કોમ્બીંગ અને સર્ચ ઓપરેશન હાથ ધરી મોટાપાયે તોફાની તત્વોને ઝબ્બે કરવાની પ્રક્રિયા હાથ ધરી હતી. સાથે સાથે આ તોફાન-હિંસાગ્રસ્ત વિસ્તારોમાં પોલીસ તંત્ર દ્વારા વધારાના પોલીસ જવાનો અને દળોના કર્મચારીઓને ઉતારી દેવાયા હતા અને રાતભર પોલીસ પેટ્રોલીંગ અને ફલેગમાર્ચ કરી સમગ્ર પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવામાં આવી હતી. પોલીસે મોડી સાંજ બાદ હિંસા અને તોફાનની પરિસ્થિતિ પર કાબૂમાં મેળવી લીધો હતો પરંતુ વાતાવરણ નિશંકપણે તંગ જણાતું હતું.

### દુઃખદ અવસાન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેવા આપી ચુક્યા છે. આ ઉપરાંત તંત્રી પરિષદના પ્રમુખ પદે પણ તેમણે સેવા આપી છે. અનેકવિધ સામાજિક સેવા કાર્યો ઉપરાંત આત્મન ફાઉન્ડેશન સાથે જોડાઈને પણ ઉમદા સેવા આપી ચુક્યા છે. દેના બેંકના નિવૃત અધિકારી હોવાની સાથે ગઢવી ચારણ સમાજ અને ગાંધીનગર સુરેન્દ્રનગર જિલ્લા મિત્ર મંડળના પ્રમુખ પણ રહી ચુક્યા છે. આ ઉપરાંત તેમણે ૧૨૦ વાર રક્તદાન કરી નગરના રક્તદાતોઓની યાદીમાં પણ આગળનુ સ્થાન મેળવી અનેક દર્દીઓને નવજીવન આપ્યુ હતુ. તેમની વિદાયથી તેમના પરિવારજનોમાં પણ ઘેરા દુખની લાગણી વ્યાપી છે. તેઓ પત્ની ગુણિયલબેન પુત્ર દેવાંગ , તુષાર અને કિશન સહીતના પરિવારને વિલાપ કરતો છોડી ગયા છે. જયારે ગાંધીનગરે પણ એક સાહિત્ય સર્જક સાથે સેવાભાવી અગ્રણી ગુમાવ્યા છે.તેમણે અરમાન અરમાન ઊર્મિલના જેવા કાવ્યસંગ્રહો ઉપરાંત ઘણા બધા પુસ્તકો લખ્યા છે. અને ઘણાં પુસ્તકોનુ સંપાદન પણ કર્યુ છે. થોડા સમય અગાઉ જ તેમના પુસ્તક વ્હાલાના વિજોગ લખ્યુ હતુ જે તેમનુ છેલ્લુ પુસ્તક કહી શકાય આ ઉપરાંત ગઢવી ચારણ કવિ સાહિત્ય અંગે તેઓએ દોલત ભટ્ટ સાથે મળીને એક ગ્રંથનુ સંપાદન કર્યુ હતુ જેનો બીજા ભાગનુ સંપાદન અધુરુ રહી ગયુ છે.

### હિંસક દેખાવો

● અનુસંધાન પહેલાનું ચાલુ

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને નોટીસ ફટકારી હતી. સાથે સાથે કેન્દ્ર સરકારને જાન્યુઆરીના બીજા સપ્તાહ સુધી પોતાનો જવાબ રજૂ કરવા માટેનો આદેશ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે નવા કાનુન પર સ્ટે મુકવાનો સાફ ઈન્કાર કરી દીધો હતો. સાથે સાથે કહ્યુ છે કે હજુ તે લાગુ નથી ત્યારે તેના પર સ્ટેનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. મામલાની આગામી સુનાવણી ૨૨મી જાન્યુઆરીના દિવસે કરવામાં આવનાર છે. અરજી કરનાર લોકો દ્વારા નાગરિક સુધારા કાનુનને પડકાર ફેંકીને રજૂઆત કરી હતી. નાગરિક સુધારા કાનુન પાસ કરવામાં આવ્યા બાદ ત્રણ પડોશી દેશો પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનમાંથી ધાર્મિક અત્યાચારનો સામનો કરી રહેલા લઘુમતિ શરણાર્થી લોકોન ભારતીય નાગરિકતા આપવામાં આવનાર છે. આ કાનુન હેઠળ ત્રણ દેશોના લઘુમતિ લોકો હિન્દુ, શિખ, ખ્રિસ્તી અને બૌદ્ધ સમુદાયના લોકોને નાગરિકતા આપવામાં આવનાર છે. જે લોકો આ સમુદાયના લોકો ૩૧મી ડિસેમ્બર ૨૦૧૪ પહેલા ભારત આવ્યા હતા તેમને ભારતની નાગરિકતા આપવામાં આવનાર છે. નાગરિક સુધારા બિલને રાષ્ટ્રપતિ રામનાથ કોવિન્દે ગયા સપ્તાહમાં જ મંજુરી આપી હતી. બિલ પર હસ્તાક્ષર કર્યા હતા. મઉમાં નાગરિક કાનૂનના વિરોધમાં હિંસક વિરોધ પ્રદર્શન પછી ૯૦ લોકોને ઓળખી કાઢીને ૬૦૦ વણઓળખાયેલા લોકો સામે ત્રણ એફઆઈઆર દાખલ કરી છે. સાથે સાથે ૩૧ લોકોની ધરપકડ કરી લીધી છે. ૧૯ આરોપીઓની ઓળખ કરવામાં આવી છે. ૧૨ની પુછપરછ કરવામાં આવી રહી છે. બીજી બાજુ હિંસક વિરોધ પ્રદર્શન વચ્ચે સ્થિતિને હળવી કરવાના વધુને વધુ પ્રયાસો સરકાર તરફથી કરવામાં આવી રહ્યા છે. સિલમમાં નાગરિક બિલના વિરોધમાં હિંસા બાદ આ કેસના સંદર્ભમાં દિલ્હી પોલીસે બે એફઆઈઆર દાખલ કરી છે.

### મિસાઈલો તૈનાત

● અનુસંધાન પહેલાનું ચાલુ

તાજેતરના મહિનાઓમાં કુરેશીએ પોતાના પત્રોના માધ્યમથી સંયુક્તરાષ્ટ્ર અને અન્ય આંતરરાષ્ટ્રીય મંચ ઉપર કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યો છે. બીજી બાજુ ભારતે વારંવાર કહ્યું છે કે, પાકિસ્તાન દ્વારા બિનજરૂરીરીતે કાશ્મીર મુદ્દાને ઉઠાવવામાં આવી રહ્યો છે. ભારતીય સરહદ પર મિસાઈલો તૈનાત કરવામાં આવ્યા બાદ સ્થિતિ વધુ વણસે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. પાકિસ્તાન દ્વારા વારંવાર ઉશ્કેરણીજનક કૃત્યો પહેલા પણ કરવામાં આવ્યા છે જેના ભાગરુપે હાલમાં જ પાકિસ્તાનની સેનાએ સરહદી જવાનો ઉપર હુમલા કરવાના પ્રયાસો કર્યા છે.

### મહાભિયોગ પ્રસ્તાવ

● અનુસંધાન પહેલાનું ચાલુ

એમની તરફેણમાં પડ્યા હતા. અમેરિકાના ઈતિહાસમાં ઈમ્પીચમેન્ટ એ સૌથી શરમજનક રાજકીય પ્રકરણ કહેવાય છે. ટ્રમ્પ વિરુદ્ધ મહાભિયોગ (ઈમ્પીચમેન્ટ) કાર્યવાહી ચલાવવી કે નહીં એ મુદ્દે પ્રતિનિધિઓની સભામાં મતદાન કરવામાં આવ્યું હતું. એમાં ડેમોક્રેટિક પક્ષના ૨૩૦ સભ્યોએ પ્રસ્તાવની તરફેણમાં મત આપ્યો હતો જ્યારે ૧૯૭ જણે વિરુદ્ધમાં મત આપ્યો હતો. પ્રતિનિધિ સભામાં ડેમોક્રેટિક પાર્ટીની બહુમતી છે.

અમેરિકાના ઈતિહાસમાં હજી સુધી કોઈ પણ અમેરિકી પ્રમુખને મહાભિયોગની પ્રક્રિયા મારફત પ્રમુખપદેથી દૂર કરવામાં આવ્યા નથી. અત્યાર સુધીમાં માત્ર બે જ વખત પ્રમુખને મહાભિયોગ સામે જવું પડ્યું છે. ગઈ કાલે અમેરિકી સંસદના પ્રતિનિધિઓનાં ગૃહમાં તમામ ડેમોક્રેટિક સભ્યોએ ટ્રમ્પને ઈમ્પીચ કરવા માટે મત આપ્યો હતો. હવે આ પ્રસ્તાવ સંસદના બીજા ગૃહ, સેનેટમાં રજૂ કરવામાં આવશે જ્યાં સુપ્રીમ કોર્ટના વડા ન્યાયમૂર્તિ મુકદમાનું પ્રમુખપદ સંભાળશે. ૧૦૦-સભ્યોની સેનેટમાં શાસક રિપબ્લિકન પાર્ટીની બહુમતી છે.